સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

લૂંટ ન ચોરી, બેન્કમાંથી જ હેક થઈ જાય છે,
બંદૂક ન છરી, નાણાં હાઈ-જેક થઈ જાય છે,
નેક નથી ઈરાદા, ને ફેક-ચેક થાય છે બેક -
ગરીબોનું કષાય હૃદય, કેક થઈ જાય છે!

હાઈકુ

ભૂલાઈ ગ્યા છે,
ઘાંટા ને ધાંધલમાં -
પ્રજાના પ્રશ્નો...
(કામચોર-સાંસદો)

ઘસ્યો ચિરાગ,
ને નિકળ્યો રાક્ષસ -
ભ્રષ્ટાચારનો...
(નોટબંધી -
(અક્કા પક્ષીની શું સેવા કરું?)

ચિંતન

तिलमात्रप्युपकारं शैलवन्मन्यते साधुः

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન મનુષ્ય પોતાના પર કરાયેલા રજમાત્ર ઉપકારને પર્વત સમાન માને છે.

સજ્જન મનુષ્ય પર કોઈ થોડો પણ અહેસાન કરે તો એને મહાન ઉપકાર માની જીવનભર એનો ઋણી રહેશે.

કોઈએ આપણા પર ભલે તદ્દન નાનો ઉપકાર કર્યો હોય પણ જિંદગીભર તેને યાદ રાખી સતત એનો ઋણ સ્વીકાર કરી તેનો ભાર મન પર - પર્વતના ભારની જેમ રાખવો જોઈએ. કોઈએ જરૂરી સમય કરેલી નાની મદદ ખૂબ જ ઉપયોગી બની જાય છે.

આજકાલ માણસ સ્વાર્થમાં સંકુચિત વિચાર કરી - 'એણે આપણને એકવાર નાની મદદ કરી હતી તેના બદલામાં આપણે તેને કિંમતી ભેટ આપી દીધી છે...' - આ વ્યાપારિક ભાવ છે. કિંમત, સમય પર મદદ કરવાની છે એનું મૂલ્ય, અમૂલ્ય હોય છે.

સુવિચાર

- અહંકાર એ જ અધૂરાપણું છે - **ઝેન કથન**
- આપણામાં રહેલી તમામ મર્યાદાઓ ચિંતાના સ્વરૂપમાં આપણી સમક્ષ આવતી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અનીતિની લક્ષ્મીની અગિયાર વરસની 'એક્સપાઈરી ડેટ' હોય છે. - **કાજલ ઓઝા વૈદ્ય**
- શરીર - ઈન્દ્રિયો-મન-બુદ્ધિ સાથે આપણો સંબંધ ન રાખવો એ જ સાચું એકાંત છે - **રજનીશ**
- અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશક્તિ તેની માતા - **જ્ઞાનસૂત્ર**
- આપણે સીધા થવાની જરૂર છે, સાધુ થવાની જરૂર નથી - **જનકલ્યાણ**
- શ્રદ્ધા એ મોટામાં મોટું બળ છે... શ્રદ્ધા વગરનો અતિ પરિશ્રમ પણ નિષ્ફળ નીવડે છે... પરિશ્રમનું તરૂવર ત્યારે જ ફળ આપે છે... જયારે તેમાં શ્રદ્ધાનું જળ સિંચાય છે - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : નવશેકા પાણી સાથે અજમો ખાવાથી કફની ખાંસી મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

કોઈમાં કદી કંઈ પણ અપેક્ષા-ઈચ્છા મોહ-માયા-મમતા ન જાગે અને સંપૂર્ણ - સંતોષ રહે એ જ સાચું સુખ છે.

ભગવાન બુદ્ધની સત્સંગ સભા પૂરી થઈ ત્યારે પ્રશ્નોત્તરી કાળમાં શિષ્ય આનંદ ભગવાનને પૂછ્યું - ભગવન્ ! આ સત્સંગ સભામાં બેઠેલા સૌ ભક્તજનોમાં આપને સૌથી સુખી કોણ જણાય છે ? ભગવાને પાછળ બેઠેલા, એક સાદાં કપડાંવાળા - કૃશ શરીરવાળા ભગતને બતાવ્યો.

આનંદ કહે - ભગવન્ અહીં કેટલાય વેપારી-મહાજન દેખાય છે છતાં આપણને એ મધ્યમ દેખાતા ને સુખી કેમ કહ્યો. ભગવાન કહે, ભંતે તું બીજા ભગતો ને પૂછે કે તમારી ભગવાન સાથે શી અપેક્ષા - આશા છે ?

કોઈ, પુત્ર, વાહન, સમૃદ્ધિ, મકાન જેવી ઈચ્છાઓ કહી. - પછી ભગવાને પેલા કૃષ શરીરવાળાને બોલાવ્યો. પૂછ્યું, ભાઈ તારી શી કામના છે ?

ભગત કહે આપના દર્શનની ઈચ્છા હતી તે પૂર્ણ થઈ. મને બધી રીતે સંતોષ છે હું સતત આનંદમાં જ રહું છું અને ઈશ્વરને પણ એ જ પ્રાર્થના કરું છું કે કોઈ ઈચ્છા ન જાગે - તારાં આપેલાંમાં જ મને સંતોષ રહે, એવું સરળ-સદાચારી જીવન હું જીવું...

કેશલેસ વ્યવહારો : પ્રશ્નો અને પડકારો

નોટબંધીના આડત્રીસમા દિવસે આર્થિક અરાજકતા યથાવત રહી છે. સડકથી સંસદ સુધી નોટબંધીના નામે હોબાળો છે. કેશલેસ સોસાયટીના સ્વપ્ના વેચાય છે. ડિજિટલ ઈન્ડિયાના શમણાં આંખે અંજાય છે. નવી નવી જાહેરાતોથી પ્રજા કન્ફ્યુઝ થતી જાય છે. દસમી ડિસેમ્બર સુધી રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયામાં ૧૨.૪૪ લાખ કરોડની જૂની ચલણી નોટો જમા થઈ. ૪.૭૨ લાખ કરોડની નવી ચલણી નોટો બેંકો દ્વારા ગ્રાહકોને અપાઈ આમ ૮ લાખ કરોડની ચલણી નોટોની અછત વર્તાય છે. આર્થિક વ્યવહારો અંશતઃ અટક્યા છે. રોજગારી ઘટી છે. વેપાર ધંધાને મોટો ફટકો પડી રહ્યો છે અને આ બધાની વચ્ચે કેશલેશ વ્યવહારોનો પ્રચાર આક્રમકતાથી ચાલી રહ્યો છે.

સવાસો કરોડની વસ્તી ધરાવતા આપણા દેશમાં ઈન્ટરનેટનું જ્ઞાન કેટલાને અને આંતરમાળખાકીય સુવિધાઓ કેટલા ટકા ? આ અભ્યાસ પણ આંખ ઉઘાડે તેવો છે. ઈન્ટરનેટની માળખાકીય સુવિધા સ્વીડનમાં ૯૪.૬ ટકા છે. કેનેડામાં ૯૩.૩ ટકા, બ્રિટનમાં ૧૯.૬ ટકા, બેલ્જિયમમાં ૮૫ ટકા, ફ્રાન્સમાં ૮૩.૮ ટકા અને ભારતમાં માત્ર ૩૬.૫ ટકા છે. દેશના ૫૩.૫ વિસ્તારમાં ઈન્ટરનેટની સુવિધા નથી, જ્ઞાન નથી, સમજણ નથી. ત્યાં એટીએમ, પેટીએમ, ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ કેવી રીતે ચલાવવા ? અને કયાં ચાલશે ? એ કહેનારને ય ખબર નથી કે સાંભળનારનેય ખબર નથી. કેશલેસ વ્યવહારો ઉત્તમ છે, પણ તેના માટે પ્રશિક્ષણ આપવું જરૂરી છે. સૌને ઈન્ટરનેટથી અવગત કરવા એ એક વાત છે અને સ્વયં ઈન્ટરનેટ ચલાવતા આવડે તે બીજી વાત છે. આપણા દેશમાં કુલ આર્થિક વ્યવહારોના ૯૮ ટકા વ્યવહારો રોકડમાં થાય છે. માત્ર ૨ ટકા વ્યવહારો જ કેશલેસ છે. જયારે પશ્ચિમના દેશોમાં રોકડના વ્યવહારો માત્ર ૨ ટકા છે અને કેશલેસ ૯૮ ટકા છે. પરંતુ આ માટે ઈન્ટરનેટની સુવિધા અને સમજણ અપાય ત્યાર બાદ જ કેશલેસનો વિચાર થઈ શકે. વિશ્વના દેશોમાં કેશલેસ વ્યવહારોમાં બ્રિટન પમાં ક્રમે છે કે જયાં આંતરરાષ્ટ્રીય સુવિધા ૯૦ ટકા ઉપર છે. જયારે ભારતનો નંબર ૧૩૮મો છે અને આપણી આંતર માળખાકીય સુવિધા ૩૬.૫ ટકા છે. રસ્તો લાંબો છે... વિકટ છે... અસંભવ નથી. એ વાત ચોક્કસ છે. કેશલેસ વ્યવહારો માટે પ્રશિક્ષણ પ્રાથમિક જરૂરિયાત છે.

કેશલેસ વ્યવહારોમાં બેંકના, છુપા ચાર્જિસ ચિંતાજનક છે. ૧૦૦ રૂપિયાની એક નોટ ૧ લાખ વખત ફરે તો પણ તેનું મૂલ્ય ૧૦૦ રૂપિયા જ રહે છે. તેમાં કોઈ ખર્ચ ઉમેરાતો નથી કે મૂલ્ય ઘટતું નથી પરંતુ ક્રેડિટ-ડેબિટ કે પેટીએમથી ૧૦૦ રૂપિયા ૧ લાખ વખત ટ્રાન્સપર થાય તો માત્ર અઢી લાખ ટકા લેખેની સર્વિસ ચાર્જની રકમ અઢી લાખ થઈ જાય છે. આ ખર્ચા કયાં ? કેવી રીતે ? કોણ ભોગવશે ? આ સ્પષ્ટતા પણ

તંત્રીસ્થાનેથી...

દેશનો નાગરિક માંગે છે. કાળાં નાણાં અને ભ્રષ્ટાચારને નાથવા લેવાયેલા આ નિર્ણય દેશને કઈ દિશામાં લઈ જશે તે હજુ પણ અસ્પષ્ટ છે. નાણામંત્રાલય અને રિઝર્વ બેંક હજુ પણ પારદર્શકતા લાવે એ અનિવાર્ય છે.

રાહદારીનો આદર એ સંસ્કૃતિ છે

નવોદિત કોલમ
ભદ્રાયુ વછરાજાની

કોઈ એક સ્વામીશ્રીએ પ્રવચનમાં કહેલું કે મનમાં ઘર કરી ગયું છે : 'દેશનો ટ્રાન્સપોર્ટેશન (વાહનવ્યવહાર) સુચારું ઢંગનો હોય તો દેશ પણ વ્યવસ્થિ ચાલતો હોય...' આ વાત મનમાં વારંવાર બહાર આવીને 'હેલ્લો' કહી જાય છે, ખાસ કરીને જયારે કોઈ દેશમાં ફડફડાટ દોડતી ગાડી રસ્તે ચાલતા એક પદચાલકને માર્ગ આપવા ઊભી રહેલી બાળું છે ત્યારે!!! યુરોપમાં પાંચ દેશોમાં નિરાંત જીવેરહેવા મળ્યું ત્યારે આ વાત ઊડીને આંખે વળગી. પ્રાઈવેટ વાહનો - ટ્રામ-સિટી બસ માત્ર, કોઈ રીક્ષા-છકડો - ટુ વ્હીલર નહીં. તમારે પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા તમારાં વાહન દ્વારા જ દોડવાનું અને નહિ તો વિનોભા ભાવે એક્સપ્રેસ (પદયાત્રા)!! પણ હા, પુષ્કળ લોકો રસ્તે ચાલીને જતાં હોય, એ રાહદારી ટ્રાફિક સિગ્નલનો પૂરો આદર કરે. પણ જો આપણાં જેવા પ્રવાસી વિદેશીઓ કે વૃદ્ધ સ્વદેશી કે બાળકો ભૂલથી કે આદતવશ રસ્તો ઓળંગવા જાય અને ફૂલ સ્પીડે વાહનો આવતાં હોય તો ય કોઈ ચિંતા નહીં. રાહદારીના કહ્યા વગર પેલી કાતરનો કાફલો Safe Distance પર આપસમજથી ઊભી રહી જ જાય! ન મારે હોર્ન, ન કાતર મારતી નજર નાખે કે ન તો ઓળખાય... રાહદારીનો આદર એ સંસ્કૃતિ છે ! અરે, થાઈલેન્ડ જેવો નાનકડો દેશ, આપણા દેશ પાસે તો બચ્ચું લાગે. પણ ત્યાં ય રેડ સિગ્નલ પાસે ગાડીઓ અટકે જ, કોઈ હોય કે ન હોય અને અટકે ત્યારે બે ગાડીઓ વચ્ચે દસ થી પંદર ફૂટનું અંતર અચૂક રહે ? શિસ્તનાં દર્શન હાઈ-વે પર અને તે પણ કાર કે વાહનચાલકો દ્વારા ! આવાં દ્રશ્યો ભારતમાં જોવા આપણે કદાચ જીવનભર પ્રતીક્ષા કરવી પડશે. આપણે નાગરિકશાસ્ત્ર ભણાવીએ છીએ પણ એક નાગરિક તરીકે જીવતાં શીખવતા નથી. ભગવાન બચાવે. આપણું ગતિશીલ ગુજરાત ગતિ જાળવવા રાખતા ટ્રાફિક નિયમોની ઐસી કી તૈસી કરે છે!

હમણાં જાપાન જવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. દસેક દિવસ બાંધછોડ નહીં. પણ જાપાનમાં દિશાનિર્દેશ કરતાં બોર્ડ અને રસ્તા પર લખીને સ્થાન-સૂચનાની પ્રથા દિલને સ્પર્શી ગઈ. હા, જાપાનીઝને અંગ્રેજીની સુગ છે, પૂછો તો અંગ્રેજીમાં ન જ બોલે, પણ તે છતાં વિદેશી પ્રવાસીને કોઈ તકલીફ ન પડે તેની પૂરી કાળજી. ઠેર ઠેર દિશાનિર્દેશ તો ખરો જ ખરો, પણ રસ્તા પર પાક્કા ઘાટ્ટા સફેદ રંગથી આંખળો પણ વાંચી શકે તેવી રીતે લખાણ. અહીં મેં બે-ત્રણ તસ્વીરોમાં તે દર્શાવ્યું છે. બધે જ બધું જ લખ્યું હોય. પૂછવાની જરૂર જ ન પડે. અહીં જાપાનમાં જ અનુભવાયો.

અમે મિત્રો બામ્બુ ફોરેસ્ટ જવા મેટ્રોની મુલાકાત માણી જે સ્ટેશન પર ઊતર્યા ત્યાંથી બામ્બુ ફોરેસ્ટ વીસ-પચ્ચીસ મિનિટની પદયાત્રા પછી આવ્યું પણ અમારે કયાંક કોઈને રસ્તો પૂછવો ન પડ્યો. મેટ્રો સ્ટેશન ઊતરો ત્યાંથી જ દિશાનિર્દેશ સ્વયં સ્પષ્ટ. આગળ વધો તેમ રસ્તાની બંને બાજુએ અને ખુદ રસ્તા પર ચોખ્ખું-મોટું લખાણ, જાપાનીઝ અને અંગ્રેજી બંને ભાષામાં... ત્યાંના શાસકોને ખબર છે કે વિદેશી અહીં આવી કોઈને અંગ્રેજી પૂછશે તો આપણાં લોકો જવાબ નહીં આપી શકે, તો ચાલો વૈકલ્પિક સુંદર માર્ગ કાઢીએ. અતિથિની આટલી ચિંતા અને તેનો આટલો સુંદરતમ વિકલ્પ... માન ગયે જાપાનીશ કો...!

આ બધું વાંચીને આપણાં ગુજરાતમાં લટાર મારવા અજાણ્યાં સ્થળે જજો અને પછી મમળાવજો આ દેશની સૂઝને...!

bhadraya2@gmail.com

રસ્તે ચાલતો અટવાય તેવી વ્યવસ્થા શા કામની ?
'પૂછો તો જ મળે' એવું કેમ ? જાપાન માર્ગ ચીંધે છે

'પૂછનાર નર પંડિત નહિ', અહીં તો 'વાંચતા નર પંડિત!!' અને આ બોર્ડ કે દિશાનિર્દેશ માત્ર મોટા રોડ પર જ હોય એવું નહીં, નાની ગલી કે સબ-વેમાં પણ. અહીં પાર્કિંગમાં જ. એક પણ ગાડી રસ્તા પર પાર્ક થયેલી ન જોઈ. રસ્તાનો આટલો આદર તો ટેક્સી-બસ-મેટ્રો-બુલેટ-વિમાન એમ બધાં જ પરિવહનના સાધનોનો અનુભવ કર્યો. સ્વયંશિસ્ત અને સ્વચ્છતા જોઈને વારવાર ચરણસ્પર્શ કરવાનું મન થયું. ટ્રાફિકના નિયમો તો યુરોપ અને થાઈલેન્ડ જેવા જ અને તેનું પાલન પર શબ્દશઃ, તેમાં કોઈ

મહાત્મા ગાંધી કોનો કેસ લડવા દક્ષિણ આફ્રિકા ગયા હતા ?

સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ

(૧) કોંગ્રેસનું સૂરત અધિવેશન કોની અધ્યક્ષતામાં યોજાયું હતું ?
(અ) રાસબિહારી ઘોષ (બ) લાલા લજપતરાય
(ક) રાજેન્દ્ર બાબુ (ડ) સુરેન્દ્રનાથ બેનરજી

(૨) આઝાદી ન મળે ત્યાં સુધી કપાળ પર ચંદન અને માથા પર ટોપી નહીં પહેરવાની પ્રતિજ્ઞા કોણે લીધી હતી ?
(અ) રામપ્રસાદ બિસ્મિલ (બ) કેશવચંદ્ર સેન
(ક) વાસુદેવ બળવંત ફડકે (ડ) વીર સાવરકર

(૩) જલીયાવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં કોણ રાયબહાદુર પદ્‌વી અંગ્રેજોને પરત કરી હતી?
(અ) જમશેદજી તાતા (બ) જમનાલાલ બજાજ
(ક) સુરેન્દ્રનાથ બેનરજી (ડ) અંબાલાલ સારાભાઈ

(૪) ૧૯૨૪માં બેલગામ ખાતે યોજાયેલ કોંગ્રેસ અધિવેશનમાં અધ્યક્ષ તરીકે કોણ ચુંટાયા હતા ?
(અ) મહાત્મા ગાંધીજી (બ) ગોપાલકૃષ્ણ ગોખલે
(ક) જવાહરલાલ નહેરુ (ડ) લાલા લજપતરાય

(૫) ભારતમાં ખિલાફત આંદોલનના ઉદ્‌ભવમાં કયા દેશની રાજકીય અને ધાર્મિક ઘટનાઓ કેન્દ્ર સ્થાને હતી ?
(અ) અફઘાન (બ) તુર્કી
(ક) ઈરાન (ડ) બ્રહ્મદેશ

(૬) ૧૯૫૭માં સંગ્રામમાં બરેલીનું નેતૃત્વ કોણે કર્યું હતુ ?
(અ) ખાન બહાદુરમાં (બ) તાત્યાટોપે
(ક) મંગલ પાંડે (ડ) ખુદીરામ બોઝ

(૭) મહાત્મા ગાંધી કોનો કેસ લડવા દક્ષિણ આફ્રિકા ગયા હતા ?
(અ) જમશેદજી તાતા (બ) શેઠ અબ્દુલા
(ક) મિરઝા શેઠ (ડ) ખાન બંધુઓ

(૮) ગદર પાર્ટીના પ્રથમ પ્રમુખ કોણ હતા ?
(અ) બાબા ગુરૂદિત સિંહ (બ) રાજા મહેન્દ્ર પ્રતાપ
(ક) લક્ષ્મી સહેગલ (ડ) સોહનસિંહ ભાકના

(૯) આઝાદ હિંદ ફોજના પ્રથમ મહિલા કેપ્ટન કોણ હતા?
(અ) લક્ષ્મી સહેગલ (બ) સરોજિની નાયડુ
(ક) લક્ષ્મી પંડિત (ડ) લક્ષ્મી મિત્તલ

(૧૦) મુંબઈ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૮૪૫ (બ) ૧૮૫૦
(ક) ૧૮૫૭ (ડ) ૧૮૬૦

(૧૧) 'તીન કટિયા' કયા આંદોલન સાથે સંકળાયેલ છે?
(અ) મીઠા સત્યાગ્રહ (બ) ચંપારણ સત્યાગ્રહ
(ક) ખિલાફત આંદોલન (ડ) સ્વદેશી આંદોલન

(૧૨) કયો વાઈસરોય સાહિત્યકાર હતા ? અને 'ઓવન મેરિડિથ' તરીકે ઓળખાતો હતો?
(અ) લોર્ડ મેયો (બ) લોર્ડ ડેલહાઉસી
(ક) લોર્ડ રિપન (ડ) લોર્ડ લિટન

(૧૩) ૧૮૮૩માં વિવાદી ઈલ્બર્ટ બિલ કયા વાઈસરોયના કાર્યકાળમાં પસાર કરવામાં આવ્યું હતું ?
(અ)લોર્ડ રિપન (બ) લોર્ડ ડેલહાઉસી
(ક) લોર્ડ વેલેસ્લી (ડ) લોર્ડ મેયો

(૧૪) કયા કાયદાને 'અપીલ વગરનો, વકીલ વગરનો કે દલીલ વગરનો કહેવામાં આવે છે'?
(અ) મોન્ટેગ્યુ ચેમ્ર્ફટ બીલ (બ) હંટર કમિશન બીલ
(ક) ઈલ્બર્ટ બીલ (ડ) રોલેટ એકટ

(૧૫) ત્રણેય ગોળમેજી પરિષદો કયાં યોજાઈ હતી?
(અ) બર્મિંગહામ (બ) ગ્લાસ્ગો
(ક) લંડન (ડ) લીવરપુલ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- **૧૫ ડિસેમ્બર ૧૮૬૦ : નિલ્સ રિબર્ગ ફિન્સેન :** ડેનિશ ફિઝિશિયન, મોર્ડન ફોટોથેરાપીના શોધક, ૧૯૦૩માં નોબેલ પારિતોષિક વિજેતા
- **૧૫ ડિસેમ્બર ૧૮૮૯ : એલ. એલ. જેમ્ફોર્ડ :** પોલેન્ડના ફિઝીશિયન, કૃત્રિમ ફેફસાં 'એસ્પેરાન્ટો' બનાવનાર.
- **૧૬ ડિસેમ્બર ૧૮૫૦ : હેન્સ બુસ્નર :** જર્મન બેકટેરીયોલોજીસ્ટ 'ગામા ગ્લોબ્યુલીન્સ'ના શોધક.
- **૧૬ ડિસેમ્બર ૧૮૩૬ : અર્નેસ્ટ વોન બર્ગ્મેન :** જર્મન સર્જન તથા લેખક. ૧૮૭૦માં 'નર્વસ સિસ્ટમ સર્જરી' પર પ્રથમ ટેક્ષબુક લખનાર
- **૧૭ ડિસેમ્બર ૧૮૬૧ : ઓર્થર એડવીન કેનેલી :** આઈરીશ - અમેરીકન ઈલેકટ્રીકલ એન્જીનીયર. ઈલેકટ્રોનિક્સમાં એનાલીટીકલ મેથર્ડ આપનાર
- **૧૭ ડિસેમ્બર ૧૮૫૩ : એમિલ રૌક્ષ :** ફ્રેન્ચ બેકટેરીયોલોજીસ્ટ, ડિફથેરીયા પર સંશોધન કરનાર, લૂઈ પાશ્ચરના સહાયક વૈજ્ઞાનિક
- **૧૮ ડિસેમ્બર ૧૮૩૩ : વોલ્ટર ફ્રોવિંગ ટેંગ :** અમેરીકન ઈન્ડ્રસ્ટ્રીયલ ડિઝાઈનર, અમેરિકામાં ઈસ્ટમેન - કોડક અને પોલોરાઈડ કેમેરા ડિઝાઈન કરનાર
- **૧૮ ડિસેમ્બર ૧૮૫૬ : સર. જે.જે. થોમ્સન :** ઈંગ્લીશ ભૌતિક વિજ્ઞાની, ઈલેકટ્રોન સંરચનાના શોધક. ૧૯૦૬માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- **૧૯ ડિસેમ્બર ૧૯૦૧ : સાયરીલ ડીન ડેલીગટોન :** બ્રિટીશ બાયોલોજીસ્ટ, 'ક્રોમોઝોમ' પર સંશોધન કરનાર.
- **૧૯ ડિસેમ્બર ૧૯૦૩ : ઓલીવર લા ફર્ઝ :** અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ. અમેરીકનના જીવનશૈલી પર સંશોધન કરનાર
- **૨૦ ડિસેમ્બર ૧૮૬૮ : હાર્વિ. એસ. ફાયરસ્ટોન :** અમેરીકન ઉદ્યોગપતિ અને સંશોધક. 'સ્ટેઈટ - સાઈડ પેન્યુમેટ્રીક ટાયર' શોધનાર.
- **૨૦ ડિસેમ્બર ૧૮૫૨ : બટોન કિસ્ટાસો સિબાસાબુરો :** જાપાનીશ બેટકેરીયોલોજીસ્ટ, બુબોનીક પ્લેક વિરોધી રસી શોધનાર
- **૨૧ ડિસેમ્બર ૧૮૪૨ : પીટર એલ્કેસવીચ કોપોથકીન :** રશિયન જીઓગ્રાફર - સાયબેરીયામાં જીઓગ્રાફીકલ સર્વે કરનાર
- **૨૧ ડિસેમ્બર ૧૮૬૯ : થોમસ ગ્રેહામ :** સ્કોટીસ ફિઝીકલ કેમીસ્ટ, 'કોલોઈડ કેમેસ્ટ્રી'ના પિતામહ.

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : સ્વ. જયલલિતા તમિલનાડુમાં પ્રથમવાર મુખ્યમંત્રી કયારે બન્યા હતા?

જવાબ : ૧૯૯૧માં

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : સે-૬બી, ૬૨૦/૧ (૫) પંકજ આર પ્રજાપતિ : સે-૬બી (૬) અનિકેત સુમેસરા : સે-૨૪, ૫૯૬, આદર્શનગર (૭) મહેશ એમ. જાદવ : ગૂજ વિદ્યાપીઠ (૮) ધાર્મિક એસ. પટેલ - ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસીડેન્સી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

છત્તીસગઢના હાલના મુખ્યમંત્રીકોમ છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૬ (૪૬) ૬૮ (૬૬) ૬ (૨૬) ૬૬ (૬૬) ૬ (૦૬)
૬૮ (૭) ૬ (૭) ૬૬ (૭) ૬૬ (૬) ૬૬ (૫) ૬૮ (૪) ૬૬ (૩) ૬ (૨) ૬૮ (૬)

આધ્યાત્મિક સમજ અને સ્વાસ્થ્ય

ચેતનસ્વામીને સાધુ થયે ૪૦ વર્ષ થઈ ગયા સમજણ આવી ત્યારથીજ રામ મંદિરમાં સાધુ તરીકે દીક્ષા લીધી,ગુરુ નો એક એક શબ્દ ઘસી ઘસી ને ઓગાળીને નિટ પી ગયા હતા.ગુરુ બોલે એ પહેલા ચેલો બોલે એવી ગુરુ અને ચેલા ની વેવલેન્થ જેને કહીએ કે સમજ શક્તિ એટલી મજબુત થઈ ગઈ હતી ,રોજ સવારે પ વાગ્યે ઉઠીને બધી દૈનિક ક્રિયા ઓ કરી ને રામ ભગવાનનું નામ લેવાનું, માનસીપૂજા કરવાની . માનસી પૂજા એટલે શું ? આંખો બંધ કરીને ભગવાન નું ધ્યાન ધરવાનું રામ અને સીતા માતા ને સાક્ષાત બંધ આંખો સમક્ષ ઉભા કરવાના એમને વંદન કરવાના ત્યારબાદ ભગવાન રામ ને પોતાના મનમાં જે કઈ પ્રશ્ન હોય તેની રજૂઆત કરવાની અને તે પછી ભગવાન પાસે તેનો ઉત્તર માંગવાનો , ધ્યાન રાખજો એકલા સાધુ સંતો જ નહિ કોઈ પણ મનુષ્ય આ માનસી પુજા કરવાને હકદાર છે ,શરત એટલીજ કે મનને શાંત કરવાનું દુનિયા માં કોઈ પણ ઉપર પૂર્વગ્રહ હોય તો તેને સમજ શક્તિ થી પોઝીટીવ બનાવાનો,અને આખી દુનિયામાં શાંતિ થાય નાનું જીવન છે,જેમાં બાળપણ, યુવાનઅવસ્થા અને ઘડપણ દરેકના શાંતિથી જાય આનંદથી જાય લોકોની મદદ કરવામાં જાય એકબીજાના દુખમાં મદદગાર કરવા તૈયાર થાય એવા સંકલ્પ સાથે અખો બંધ કરી તમે જે કોઈ ઈશ્વરને માનતા હોય તેને તમારી સમક્ષ બોલાવી અને એ આપના ઈશ્વર જોડે કોઈ પણ માણસ વાર્તા લાપ કરી શકે છે અને તમારા મુજાવતા પ્રશ્ન નું નિરાકરણ માનસીપૂજા થી થઈ શકે છે હા પણ શરત એટલીજ કે પોઝીટીવ નજરથી આખી દુનિયાને જોવાની તમારો કોઈ દુશ્મન નથી અને તમે બધા માટે સારું વિચારોજ છો પછી માનસીપૂજા તમારા માટે સહેલામાં સહેલી છે પહેલા થોડા દિવસ તકલીફ પડશે પછી સમય કયાં જાય છે એ ખબરજ નહિ પડે.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર
ડો. દિનેશ રાઠોડ

ચેતન સ્વામી આવી માનસીપૂજા કર્યા પછી ભગવાનની આરતી કરતા, ભગવાનની સ્તુતિ કરતા, ભગવાનને સવારનો નાસ્તો કરાવતા પછી લોકો માટે એટલે કે લોકોને ભગવાનના દર્શન થાય માટે રામ અને સીતાની જોડીને દર્શન માટે મૂકી દેતા. ચેતન સ્વામી પોતે અને એમના ગુરુ લોકોને કથા અને વાર્તાનો લાભ આપતા અને સમાજમાં ધર્મનો ફેલાવો કેવી રીતે થાય તેની સમજ આપતા ચાલુ કથા એ સુનંદા બહેને ચેતન સ્વામી ને પ્રશ્ન પૂછ્યો કે સમાજમાં બે પ્રકારના માનવીઓ રહે છે ઘણા લોકો કોઈપણ દુઃખ અને સુખને એકજ નજરથી જોવે છે અને બીજા પ્રકારના લોકો દુઃખમાં એટલે ભાગી પડે છે કે માનસીક રીતે બીમાર થઈ જાય છે અને એનાથી ઊંધું જયારે સુખનો પ્રસંગ બને છે કેક આનંદનો પ્રસંગ બને છે તો એટલે બધા ખુશ થઈ જાય છે અને પોતાના શરીરનું ભાન પણ ભૂલી જાય છે તો હે સ્વામી આ બંને પ્રકારના લોકોમાંથી કોણ સાચું ? સ્વામીએ જવાબ આપ્યો આ બંનેમાં મનની સ્થિતિ ઉપરજ બંને વ્યક્તિઓ આધારિત છે.આ મનોદશાને ત્રણ ભાગમાં વહેચવી જોઈએ. ઉત્તમ મન ની પરિસ્થિતિ,મધ્યમ મન ની પરિસ્થિતિ અને કનિષ્ક મન ની પરિસ્થિતિ એટલે કે ખરાબ મન ની પરિસ્થિતિ. બંધુઓ પહેલા આપણે મન ની ખરાબ સ્થિતિ માટે વિચારીએ જે લોકો એમ માંને છેકે સર્વે કર્યું મારે થાય છે, મારામાં બહુ શક્તી છે. હું આખી દુનિયાને હલાવી શકું એટલી મારી તાકાત છે એ લોકો જલ્દી દુખી થઈ જાય છે અને જલ્દી સુખી પણ થઈ જાય છે આને કનિષ્ક મનુષ્ય કહેવાય અથવાતો પરિસ્થિતિ કહે વાય જેમને માનસી પૂજાની ખાસ જરુર છે તેઓ પોતાના કુટુંબનું અહિત ઝડપથી કરી શકે છે. હવે માધ્યમ પ્રકારના મનુષ્યો અથવાતો સ્થિતિની વાત કરીએ જે લોકો અડધું ભગવાન પર છોડે છે અને અડધું મેં કર્યું એમ મને છે હું છું એટલે જ દુનિયા ચાલે છે હું છું એટલેજ ઘર ચાલે છે એટલે આ સમાજ મારા પર નિર્ધારીત છે એવું માનતા હોય છે અને જરૂર પડે અને કોઈ પણ દુખમાં તરતજ ભગવાનના ચરણોમાં પોતાનું મસ્તક નમાવી ને ભગવાનને નનને કહે છે હું તો પાપી અને અજ્ઞાની છું તું મને મદદ કર આવા મનુષ્યને મધ્યમ પ્રકારની કોટિમાં મુકવા જોઈએ એમને પણ માનસીપૂજા કરવીજ જોઈએ હવે સ્વામી બોલ્યા હવે આપણે ઉત્તમ પ્રકારના મનુષ્યની ચર્ચા કરીએ જે લોકો દુખ અથવા સુખ ભગવાને આપ્યું છે અને ભગવાન જે આપે એ સારા માટેજ આપે છે જે કઈ કરે છે એ સારા માટે જ કરે છે દુખ અને સુખ એ માનવીય દ્રષ્ટિકોણ છે બાકી આપણે તો હમેશા એક સરખા અથવા તો સમભાવમાં જ રહેવુ આને કહેવાય સ્થિતપ્રજ્ઞતા. ચેતન સ્વામી બોલ્યા બંધુઓ હવે આપને વિચારવાનું છે કે આપણે કઈ સ્થિતિમાં રહેવું છે. ભગવાન બધાને સરખોજ પ્રેમ કરે છે ભગવાનના આશીર્વાદ બધા ઉપર સરખા જ હોય છે પણ આપણી માનશીક અવસ્થા જ દુખ અને સુખ માટે જવાબદાર છે. મિત્રો મેડીકલ સાયન્સ પણ આ માનસીક પરિસ્થિતિ ને સમર્થન આપે છે માનસીક રીતે સ્વસ્થ રહીને તમે કોઈ ડોક્ટર ને બતાવો અથવા તો બ્લડ, પેશાબ અને ઝાડાના ટેસ્ટ કરવો, દુઃખી થઈ ટેન્શન માં ગુસ્સા વાળી પરિસ્થિતિમાં તમે આના આ ટેસ્ટ ફરી કરવો તો બંનેના પરિણામમાં નોધપાત્ર ફેરફાર જોવા મળે છે માટે જ મિત્રો માનસિક પરિસ્થિતિ સ્વાસ્થ્ય માટે ખુબજ જરૂરી પરિબળ છે. હવે તમારે કેમ જીવવું તમારા હાથમાં છે ચાલો સંકલ્પ કરીએ આજથી ઉત્તમ પ્રકારના મનુષ્યની જેમ વર્તીશું અને ભગવાનના ગુણગાન ગાઈશું.